**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૩ ટકા

# સેકટર-૭/એ માં લાઇનમાં લીકેજીના લીધે પાણીનો બગાડ

## સરકારી કચેરીઓ તેમજ રહેણાંક વિસ્તારમાં પણ લોકજાગૃતિના અભાવે પાણીનો બેફામ બગાડ થતો હોવાનો પણ રોષ

ગાંધીનગર તા ૪

શહેરના સે- ૭ એ માં પીવાના પાણીની લાઈનમાં લીકેજ હોવાના લીધે પાણીનો બગાડ થતો હોવાનુ ધ્યાને આવ્યુ છે. આ મામલે સ્થાનિકોએ તંત્રના જવાબદાર અધિકારીઓને પણ જાણ કરી છે. શહેરમાં પાણીની જરૂરિયાતને સંતોષવા માટે પ્રતિદિન ૬૦ એમ એલ ડી જેટલો પાણીનો સપ્લાય કરવામાં આવે છે. આમછતા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની બુમ ઉઠવા પામે છે. ત્યારે શહેરમાં સ્થિત સરકારી કચેરીઓ સહીત રહેણાંક વિસ્તારમાં થતા પાણીના બગાડને અટકાવવા માટે પણ નક્કર પગલા લેવાય તે અનિવાર્ય છે.

આકરી ગરમીના દિવસોમાં શહેરમાં પાણીનો વપરાશ આમ પણ વધ્યો છે. રોજ અંદાજિત ૬૦ એમ એલ ડી જેટલો પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. પરંતુ આમછતા પાણી ફોર્સથી ન આવતુ હોવાની બુમ પડે છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષથી વરસાદ પણ ઓછો પડયો છે. ત્યારે પાટનગરમાં માથાદીઠ પાણીનો વપરાશ દેશમાં સૌથી વધુ થતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં શહેરમાં પાણીનો બગાડ પણ વધુ થતો હોવાની બાબત ચિંતાનો વિષય બની છે. શહેરમાં સ્થિત સરકારી કચેરીઓમાં પણ પાણીનો બગાડ વિશેષ થાય છે. ત્યારે રહેણાંક વિસ્તારમાં પણ પાણીનો બગાડ થતા શિક્ષિત વર્ગમાં ચિંતા પ્રવર્તી છે. પાણીનો બગાડ થતા અટકાવવા માટે સેકટરોની શેરીઓમાં સુર ઉઠવા પામે છે. પરંતુ હજુ સુધી આ મામલે કોઈ કડક કાર્યવાહી થતી નથી. બીજીતરફ પાણીની લાઈનમાં લીકેજીસના લીધે પણ પાણીનો વેડફાટ થતો હોવાનુ અનેકવાર ધ્યાને આવે છે. હાલ ગરમીના દિવસોમાં પણ સે-૭ એ માં પાણીની લાઈનમાં ભંગાણ થયુ હોવાના લીધે રોજ બરોજ પાણી વહી જતુ હોવાનો રોષ સ્થાનિકોએ વ્યકત કર્યો છે. આ બાબતે તંત્ર દ્વારા ત્વરિત પગલા લેવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# કચરો વીણી ગુજરાન ચલાવતા ૧૫૦ પરિવારોને વિના મૂલ્યે પગરખાં વિતરણ



ગાંધીનગર, તા.૪

ઉનાળાની કાળઝાળ ગરમીથી તપતી ધરતી પર પગરખા વગર ડગ માંડવા એટલે જાણે કે અગ્નિ પર ચાલવું. શહેરમાં એવા પણ શ્રમજીવીઓ વસે છે જેઓ સમગ્ર ગાંધીનગરનો કચરો જયાં ઠલવાય છે તે ડંપીંગ સાઈટ પર કામ કરે છે. જેઓ સરકારી કર્મચારી નથી અને માત્ર કચરો વીણી પોતાનું ગુજરાન ચલાવે છે એટલે પગરખાં ખરીદવા પણ તેમને પોસાય તેમ નથી. આજે આવા ૧૫૦ જેટલા શ્રમજીવી પરિવારોને વિના મુલ્યે પગરખા પ્રાપ્ત થતાં તેમના ચહેરા પર ખુશીની લ્હેર પ્રસરવા પામી હતી.

ધોમધખતા તાપમાં પણ ઉઘાડા પગે રખડી રખડીને કચરો વીણતા શ્રમજીવીઓને આજે શહેર વસાહત મહામંડળ તથા અરૂણોદય સેવા ટ્રસ્ટની ચરણસેવાનો લાભ મળ્યો હતો. આજે આવા ૧૫૦ જેટલા શ્રમજીવી પરિવારો તેમના બાળકો સહિત તમામ સભ્યને વિના મૂલ્યે તદ્દન નવા જ પગરખાં પુરા પાડવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર રીટાબેન પટેલ, વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ ઉપરાંત સેવાભાવી સ્વયંસેવકો શશીકાન્ત મોઢા, પ્રદીપ સોલંકી, સુધીર દેસાઈ, સીતારામ પટેલ, ચંદુજી ઠાકોર, જીલુભા ધાંધલ અને કાનજીભાઈ રબારીની દેખરેખ હેઠળ પગરખાં વિતરણ કરાયું હતું.

# ગ-૪ પાસે પાર્કની આસપાસ સ્થિત વોક વે માં મોટામસ જોખમી ગાબડા

ગાંધીનગર તા ૪

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કની બહાર ગ-૪ પાસે ના વોક વે પર નાના મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. સવારે મોર્નિંગ વોક કરનારાઓ ગાબડના લીધે ઘણીવાર અકસ્માતનો ભોગ બને છે. તંત્ર દ્વારા ત્વરિત આ ખાડાઓ પુરવા માટે કામગીરી હાથ ધરાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં મોર્નિંગ વોક તેમજ કસરત કરવા માટે સ્વર્ણિમ પાર્ક નગરજનોનુ ફેવરીટ પ્લેસ બન્યુ છે. નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત હરિયાળા સ્વર્ણિમ પાર્કમાં રોજબરોજ સવારે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા વિશેષ જોવા મળે છે. જયારે પાર્કમાં પણ યોગ તેમજ કસરતો કરવા માટે નગરજનો વહેલી સવારે શુધ્ધ ઓક્સિજન લેવા માટે આવે છે. પાર્કની બહાર રાઉન્ડ લગાવાની સાથે હળવી કસરતો કરતા પણ નજરે પડે છે. પરંતુ સ્વર્ણિમ પાર્કની બહારના વિસ્તારમાં વોક વે પર મોટા ગાબડા જોવા મળી રહ્યા છે. જેના લીધે બહારના વિસ્તારમાં વોકીંગ કરનારાઓ ગેમે ત્યારે અકસ્માતનો ભોગ બને છે. પાર્કની બહાર માટા ખાડાઓ અસ્તિત્વમાં આવ્યા છે વોકીંગ કરનારાઓ માટે આ ખાડા જોખમી બન્યા છે. છેલ્લા ઘણાં સમયથી આનુસાંગિક લાઈન તેમજ ચેમ્બરને અનુલક્ષી રાખેલી જગ્યામાં પણ આ પ્રકારના ખાડાઓ અસ્તિત્વમાં આવ્યા છે. ત્વરિત અસરથી આ સમારકામ હાથ ધરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# સરગાસણમાં શિવપુરાણ કથાયજ્ઞનો ધાર્મિક માહોલ



ન્યુ ગાંધીનગરના સરગાસણમાં શ્રી શરણમ સોસાયટી ખાતે શિવપુરાણ મહાયજ્ઞનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કાળઝાળ ગરમીમાં આ ધાર્મિક પ્રસંગ થકી રાત્રિએ શીતળતાનો અહેસાસ ભાવિક ભક્તો મોટી સંખ્યામાં હાજર રહી કર્યો હતો. સોસાયટીના સ્વ. શ્રી બાપોદરીયા નાનજીભાઈ વશરામભાઈના સ્મરણાર્થે શિવપુરાણ કથા જ્ઞાનયજ્ઞનું આયોજન તેમના સ્વજન રાજેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. વાવોલ સ્થિત શ્રી સિધ્ધનાથ મહાદેવના મહંત શિવ ઉપાસક તપોધન બાપુએ પોતાની મધુર વાણીમાં કથારસ પીરસ્યો હતો. તા ૨૬/૪/૧૯ થી તા.૪/૫/૧૯ સુધી કથા યોજાઈ હતી. સોસાયટીના રહીશોએ દૈનિક આરતી પ્રસાદનો લ્હાવો મેળવી પુણ્યનું ભાથું બાંધ્યું હતું. કથા દરમિયાન વિવિધ પ્રસંગોના પાત્રો ઊભા કરી કથાને જીવંત બનાવવા વક્તા તપોધન બાપુના પ્રયાસો પ્રશંસનીય બન્યા હતા. આજુબાજુથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો પણ આ કથાનો લાભ લીધો હતો.

# સોમવારે શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની પ્રત્યે માસની પહેલી તારીખ પછીના સોમવારે બેઠક મળે છે. જે સંસ્થાના પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને ૬ઠ્ઠીમેના રોજ સોમવારે સાંજે પાંચ કલાકે સેકટર-૨૧ના નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. જેમાં પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે આથી સભ્યો પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યોને હાજર રહેવા મહામંત્રી નિરંજનભાઈ વ્યાસે જણાવ્યું છે.

# યુવાનો ટ્રેકીંગ કેમ્પ માટે પોલો ફોરેસ્ટ, ડેલહાઉસી જવા ઉત્સુક

## વેકેશનમાં અનેકવિધ સંસ્થાઓ દ્વારા ટ્રેકીંગ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૪

શહેરમાં વેકેશનનું વાતાવરણ ચાલી રહ્યું છે ત્યારે શહેરીજનો હવાફેર કરવા શહેરની બહાર પ્રવાસ ખેડી રહ્યા છે. આ ઉપરાંત સમર ટ્રેકીંગ કેમ્પમાં જવાનો ક્રેઝ પણ યંગસ્ટર્સમાં જોવા મળી રહ્યો છે. ગાંધીનગરની અમુક સંસ્થાઓ દ્વારા બે મહિના પહેલાથી ટ્રેકીંગ કેમ્પમાં જવા માટેના બુકીંગ્સ થઈ જાયછે. ટ્રેકીંગ સ્થળો જેવા કે પોલો ફોરેસ્ટ, ગીર, દીવ, કચ્છ, દ્વારકા, સાપુતારા, આબુ, જોધપુર, જેસલમેર તથા મનાલી, ડેલહાઉસી, લેહ-લદાખ, ગોવા જેવા સ્થળોમાંથી મનાલી-ડેલહાઉસી અને લેહ-લદાખ જવા માટે શહેરના યંગસ્ટર્સ ઉત્સાહિત છે.

સ્કુલો અને કોલેજમાં સમર વેકેશનનું વાતાવરણ છે તો વેકેશનમાં બાળકો નાની મોટી જગ્યાએ પ્રવાસની સાથે ટ્રેકીંગમાં જવા માટે ઉત્સાહિત જોવા મળી રહ્યા છે. શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા અલગ અલગ સ્થળોએ ટ્રેકીંગમાં લઈ જવામાં આવે છે. જેમાં સાસણગીર, પોલો ફોરેસ્ટ, દીવ, કચ્છ, દ્વારકા અને બેટ દ્વારકા, સાપુતારા, માઉન્ટ આબુ, જોધપુર, જેસલમેર, કુમ્બલગઢ તથા મનાલી, ડેલહાઉસી, લેહ-લદાખ, ગોવા, અંદમાન-નિકોબાર જેવા સ્થળનો સમાવેશ થાય છે. જાણીતી સંસ્થાના વ્યવસ્થાપક જયદીપસિંહ વાઘેલાના જણાવ્યા અનુસાર, શહેરીજનો દ્વારા મુખ્યત્વે હીલ સ્ટેશન વાળા સ્થળ વધુ પસંદ કરાય છે જેથી તેઓ અલગ વાતાવરણનો અનુભવ કરી શકે જેમાં મુખ્યત્વે મનાલી, ડેલહાઉસી અને લેહ-લદાખ હોટ ફેવરિટ છે. જેમાં ઉનાળુ વેકેશનમાં બાળકો અને કોલેજીયન ગ્રુપ સાથે સાથે એડવેન્ચર લવર ખાસ કરીને ટ્રેકીંગ કેમ્પમાં જવાનું પસંદ કરે છે. આમ તો દર વર્ષે વધુમાં વધુ ૫ થી ૬ વખત ટ્રેકીંગ કેમ્પ યોજાતા હોય છે પરંતુ સમરમાં જ ૩ થી ૪ વખત એક જ જગ્યાએ કેમ્પના બુકીંગ્સ થતા હોય છે. જેના પ્રી-બુકીંગ્સ જવાની તારીખના બે મહિના પહેલા જ થઈ જતા હોય છે. ૭ થી ૧૦ દિવસના કેમ્પમાં ૨ દિવસ મુસાફરીના અને બાકીના દિવસો કેમ્પ સાઈટથી લઈ પાછા આવવાના સમય સુધીના છે જેમાં મનાલી કે જેનું મુખ્ય આકર્ષણ ભૃગુ લેક અને સીલ્વર ઓક છે ત્યાં જવા માટે ટ્રેકિંગની ૧૦ થી ૧૨ કલાક સુધી સફર કરવી પડતી હોય છે. કહેવાય છે કે પાંડવોએ શાંતિની શોધમાં ભૃગુ લેક પાસે સમય વીતાવ્યો હતો જે માન્યતા સાથે આજે પણ પ્રવાસીઓ ત્યાંના પાણીને પવિત્ર ગણી પગ અડાડતા નથી અને બરફને બોટલમાં ભરી પોતાના ઘરે લઈ જાય છે. સિલ્વર ઓક પહોંચતા જ ન તો લાઈટ અને ન તો મોબાઈલ ટાવર પકડાય. જેનો અનુભવ પ્રવાસીઓ માટે કાંઈક અલગ જ હોય છે. આ દિવસોમાં પ્રવાસીઓ કેમ્પફાયર કરી ગીત સંગીત ડાન્સ સાથે મ્યુઝિકલ નાઈટની મજા માણે છે. કુલુમાં રિવર રાફટીંગની મજા પ્રવાસીઓના મતે ખુબ જ રીફ્રેશીંગ મનાય છે. આમ કોઈ પણ સ્થળ પસંદ કરતી વખતે શહેરીજનો અલગ વાતાવરણ તેમજ રીફ્રેશમેન્ટનો ખાસ ધ્યાનમાં લે છે.





# સરકારી આવાસમાંથી ચોરી થયેલ એકસેસ રીકવર કરતી સે-૭ પોલીસ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરના સેકટર-૭ શોંપીગ સેન્ટર ગ્રે કલરના ચોરીના એકસેસ સાથે બે આરોપીઓને સર્વેલન્સ સ્કોડની ટીમે ઝડપી પાડ્યા છે. પોલીસે રૂ.૨૨,૦૦૦ ની કિંમતનું સુઝુકી એકસેસ રીકવર કરી પીએસઆઈ ડી.એસ.રાઓલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.



પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી વાહનાચોરોએ પોલીસને નાકે દમ લાવી દીધો છે. શહેરમાંથી સમયાંતરે વાહનચોરીના કિસ્સા બનતા પોલીસ પણ પરેશાન છે. ત્યારે પોલીસ પણ વાહનચોરોને પકડવા માટે રાત દિવસ એક કરી રહી છે. સર્વેલન્સ સ્કોડના પીએસઆઈ ડી.એસ.રાઓલ તેમજ અ.હે.કો. સુરપાલસિંહ, જીતેન્દ્રસિંહ, નિરવકુમાર, પો.કો. રતનસિંહ, જગદીશસિંહ, ધર્મેન્દ્રસિંહ, બેચરભાઈ, સુનિલકુમાર, બાબુજી, મહાવીરસિંહ સહિત અ.પો.કો.કનકસિંહ સેકટર-૭ પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.તે દરમિયાન સર્વેલન્સ સિસ્ટમને આધારે અ.હે.કો.નિરવકુમારે મેળવેલા સીસીટીવી કેમેરા ચેક કરીને ફુટેજ મેળવ્યા હતા. જેને પગલે નિરવકુમાર અને રતનસિંહને સંયુકત બાતમી મળી હતી કે બે ઈસમો ચોરીના ગ્રે કલરનું એકસેસ જેની આગળ પાછળ નંબર વગરનું લઈને સેકટર-૭ શોંપીગ સેન્ટર આવી રહ્યા છે. જેથી સર્વેલન્સની ટીમના સભ્યો સે-૭ ખાતે વોચમાં રહીને ગતરોજ બે શખ્સો અલ્પેશકુમાર ભેમાજી ઠાકોર ઉં.વ.-૨૭ રહે.હાલ-ધોળાકુવા, ચંચળમાતાના મંદિર પાસે તા.જી.ગાંધીનગર મુળ રહે. બહીયલ કેશરપુરા પ્રા.શાળાની બાજુમાં તા.દહેગામ જી.ગાંધીનગર તેમજ મણીલાલ ભગવાનભાઈ મીણા ઉં.વ.-૨૨ રહે.હાલ ઈન્દ્રોડા, તા.જી.ગાંધીનગર, મુળ.રહે. ગામડી તા.સાગવાડા, જી.ડુંગરપુર રાજસ્થાનને પકડી પોકેટકોપ તથા ઈ-ગુજકોપ આધારે ગાંધીનગર સેકટર-૭ પોલીસ મથક વિસ્તારમાંથી ચોરી થયેલા સુઝુકી એકસેસ જી.જે.૧૮.એ.એસ.-૦૭૨૫ કિ.રૂ.૨૨,૦૦૦ નું રીકવર કરી પીએસઆઈ ડી.એસ.રાઓલ વધુ તપાસ આદરી છે.

# સે-૧૩ના સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ પદે ગૌરાંગ વ્યાસ

ગાંધીનગર, તા.૪

બ્રહ્મ સમાજ પરિવાર સેકટર-૧૩ની તાજેતરમાં બેઠક મળી હતી. જેમાં સેકટર-૧૩ના સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખપદે ગૌરાંગભાઈ વ્યાસ અને મંત્રી તરીકે જયેન્દ્રભાઈ ભટ્ટની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવેલ છે.

# ગિરનારી પરિવાર દ્વારા રામકથાનું આયોજન

ગાંધીનગર, તા.૪

ગિરનારી પરિવાર દ્વારા પૂ. ગીતા દીદીની વ્યાસપીઠે તા. ૭ મેથી ૧૩ મે સુધી રામકથાનું આયોજન કુડાસણ સ્થિત સરદાર ચોક, પ્રોમીનન્ટ હોટલની બાજુમાં દરરોજ રાત્રે ૮.૩૦ થી ૧૨ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે.

# સે-૫ના સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના પ્રમુખપદે પ્રિતેશ વ્યાસ

ગાંધીનગર, તા.૪

બ્રહ્મસમાજ પરિવારની દરેક સેકટરની મીટીંગનું આયોજન કરવામાં આવે છે તે અન્વયે સેકટર-૫માં બ્રહ્મસમાજની મીટીંગ મળેલ હતી જેમાં સેકટર-૫ના પ્રમુખ તરીકે પ્રિતેશભાઈ વ્યાસ અને મંત્રી તરીકે નિગમ વ્યાસની નિમણુંક કરવામાં આવી છે.

# જનસેવા કેન્દ્રથી કલેકટર કચેરી જવાની સીડી બંધ રાખવાથી નાગરિકોને હાલાકી....!!

## વર્ષોથી અગમ્ય કારણોસર બંધ રખાયેલી ‘સીડી’ કયારેક આગ કે અન્ય આપત્તિ સમયે જોખમી સાબિત થઈ શકે છે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની કલેકટર કચેરી ખાતે જનસેવા કેન્દ્ર તરફ પ્રવેશતા ડાબી બાજુથી ઉપરના માળે જવાની સીડીને બંધ રાખવામાં આવી છે જેને કારણે પોતાના વિવિધ કામોસર અહીં આવતા મુલાકાતીને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા ઘણા વર્ષોથી કોઈ અગમ્ય કારણોસર ‘તઘલખી’ નિર્ણયની જેમ બંધ રખાયેલ આ સીડી કયારેક આગ કે તેવી કોઈ અન્ય દુર્ઘટના સર્જાવાના સમયે આ બંધ સીડી જોખમરૂપ સાબિત થઈ શકે છે. રોજીંદા વપરાશમાં પણ જરુરી એવી સીડીને સત્વરે ખોલવા નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે.



કલેકટર કચેરીના બાંધકામના નકશામાં કાયદેસર વાપરવા-ઉપયોગ કરવા માટે બનાવાયેલ સીડી જે જનસેવા કેન્દ્રથી પ્રથમ માળે કલેકટર કચેરી તરફ જવાનો મુખ્ય રસ્તો છે. જનસેવા કેન્દ્ર અને કલેકટર કચેરી બંનેને સંલગ્ન કામો હોય તેવા અસંખ્ય મુલાકાતીઓ આવે છે તેમાં ઘણા વડીલ વૃધ્ધો, અશકતો, દિવ્યાંગો અને બાળકો સાથે મહિલાઓ પણ હોય છે જેમને જનસેવાથી બહાર નીકળી ફરીને કલેકટર કચેરી જવું પડે છે જેના કારણે ગરમી તથા ચોમાસાની ઋતુમાં હાલત કફોડી બને છે. અંદાજે રોજના બારસોથી પંદરસો વ્યકિતઓની ચહલ પહલ રહેતી હોવા છતાં અગમ્ય કારણોસર બંધ રખાયેલ સીડી કયારેક જો આગ કે ધુમાડાથી ગુંગળામણ અથવા અન્ય કોઈ આપત્તીની ઘટના સર્જાય તેવા સમયે નાગરિકોને બહાર નીકલવામાં મુશ્કેલી સર્જી ગંભીર પરિણામો સર્જી શકે છે. પ્રથમ નજરે તો આ બંધ રખાયેલ સીડીવાળો રસ્તો ફાયરસેફટીની ગાઈડલાઈનનો ભંગ કરતો હોય તેવું ભાસે છે જે અંગે પણ ફેર વિચારણા કરવી જરુરી જણાય છે. આ સંજોગોમાં શહેરના જાણીતા વકીલ હિતેષ બી. રાવલે જિલ્લા કલેકટરને પત્ર લખી બંધ સીડીવાળો રસ્તો સત્વરે ખુલ્લો કરવા માંગ કરી છે.

### કલેકટર અને સબરજીસ્ટ્રાર કચેરી વચ્ચેના ઝાંપે પણ તાળાબંધી...!!

કલેકટર કચેરીથી સબ-રજીસ્ટ્રાર કચેરી તરફ જવા આવવાના માર્ગમાં બે બિલ્ડીંગ વચ્ચેની કમ્પાઉન્ડ વૉલ વચ્ચે દરવાજો બનાવાયો હતો જે નાગરિકો માટે આશીર્વાદરૂપ હતો પરંતુ આ દરવાજે પણ અગમ્ય કારણોસર તાળાબંધી કરી દેવાઈ છે. સબરજીસ્ટ્રાર કચેરીએ અંદાજે સરેરાશ બસ્સો જેટલા દસ્તાવેજોની નોંધણી કરાય છે જેના કારણે બંને બિલ્ડીંગ વચ્ચે અંદાજે પાંચસોથી હજાર નાગરિકોની વારંવાર અવરજવર રહે છે. હવે આ દરવાજો પણ અગમ્ય કારણોસર બંધ કરી દેવાતા નાગરિકોને પ્રદક્ષિણા કરવી પડે છે જેના કારણે દરવાજો ‘બંધ’ કરવાનો નિર્ણય લેનાર પ્રત્યે નાગરિકો રોષ ઠાલવી રહ્યા છે.



### ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ કંકુબેન હિરાભાઈ, ઉ.વ. ૮૪
- સ્વ. ઠાકોર નેનાજી સોમાજી, ઉ.વ. ૬૬
- સ્વ. પરમાર રાહુલકુમાર જેઠાભાઈ, ઉ.વ. ૪૮